ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૯/૧૮–૧૯/ 5565 તારીખ : 13 DEC 2018

પ્રતિ,
શ્રી ભરતભાઈ દેવજીભાઈ હિરપરા,
શ્રી રમેશભાઈ દેવજીભાઈ હિરપરા,
ગામ–સનાળી, તા.કુંકાવાવ,
જી.અમરેલી.

કેસ નં.૧૧૯/૧૮–૧૯

**<u>વિષય</u> : નવા ખેતીવાડી વીજ કનેકશન આપવા બાબત.**

**<u>સંદર્ભ</u>** : (૧) આપનો પત્ર તા.૨૭/૦૯/૧૮. અત્રેની કચેરીને મળ્યા તા.૦૩/૧૦/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૯/૧૮–૧૯/૪૫૬૦ તા.૦૯/૧૦/૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૯/૧૮–૧૯/૫૨૯૧ તા.૨૨/૧૧/૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **<u>તા.૦૩/૧૨/૧૮</u>** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **અમરેલી–૨.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**<u>નકલ રવાના</u>:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **અમરેલી.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, કુંકાવાવ.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૧૧૯/૧૮–૧૯ ☜

વાદી :– શ્રી ભરતભાઈ દેવજીભાઈ હિરપરા અને શ્રી રમેશભાઈ દેવજીભાઈ હિરપરા

◈ વિરૂઘ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– ૦૩.૧૨.૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી ભરતભાઈ દેવજીભાઈ હિરપરા

પ્રતિવાદી :– શ્રી એચ. જી. નાગર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ભરતભાઈ દેવજીભાઈ હિરપરા અને શ્રી રમેશભાઈ દેવજીભાઈ હિરપરા, મુ.સનાળી, તા.કુંકાવાવ, જી.અમરેલીની નવા ખેતીવાડી વીજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૯/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧૯/૧૮–૧૯/૪૫૬૦ તા.૦૯.૧૦.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૩.૧૨.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એચ. જી. નાગર, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી–૨, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદાર દવારા પુરીબેન રામભાઈ હીરપરાના નમે મુ.સનાળી ગામના સર્વે નં.૧૭૦ પૈકી–૪ માં નવા ખેતીવાડી વીજજોડાણ માટે તા.૩૧/૦૧/૧૧ ના રોજ રૂા.૨૦૦/– ભરી માંગણી કરેલ.

૧.૨ જેના અનુસંધાને અમોને આપવામાં આવેલ અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તા.૦૮/૦૫/૧૭ હતી. પરંતુ પુરીબેન રામભાઈ હીરપરાનું અવસાન થયેલ હોય અને ઉતરોતર નોંધ બાકી હોય, અંદાજપત્રના નાણા ભરપાઈ કરી શકેલ નહી.

૧.૩ હાલમાં સદર જમીનમાં ઉતરોતર એન્ટ્રી થઈ ગયેલ હોય, અમોને નામફેર સાથે નવું અંદાજપત્ર આપી સદર વીજજોડાણ આપવા વિનંતી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

..૨..

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર દવારા તા.૩૧/૦૧/૧૧ ના રોજ રૂા.૨૦૦/– ભરી, મુ.સનાળીના સર્વે નં.૧૭૦ પૈકી–૪ ખાતે ૫ હો.પા.નું નવું ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે પુરીબેન રામભાઈ હીરપરાના નામે માંગણી કરેલ.

૨.૨ સદર માંગણીના અનુસંધાને તા.૧૫/૧૨/૧૬ ના રોજ કુંકાવાવ પેટા વિભાગીય કચેરી દવારા જરૂરી સર્વે કરી, કુંકાવાવ પેટા વિભાગીય કચેરીના પત્ર નં.૭૪૧૨ તા.૦૭/૦૪/૧૭ થી નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટેનું અંદાજપત્ર આપવામાં આવેલ, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૦૮/૦૫/૧૭ હતી.

૨.૩ તા.૦૮/૦૫/૧૭ ના રોજ ભરતભાઈ ડી. હીરપરા દવારા તેઓને આપવામાં આવેલ અંદાજપત્ર નામફેર સાથે આપવા માટે લેખિત અરજી કરેલ. પરંતુ નામફેર માટેના જરૂરી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ ન હતાં. તેથી કુંકાવાવ પેટા વિભાગીય કચેરી દવારા તેઓને પુરીબેન રામભાઈ હીરપરાના નામે ફરીથી દિવસ–૧૫ ના મુદત વધારા સાથે અંદાજપત્ર આપવામાં આવેલ, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૨/૦૫/૧૭ હતી.

૨.૪ અરજદારને તેઓની અરજી ના આધારે આપવામાં આવેલ અંદાજપત્ર ભરપાઈ કરવાની સમયમર્યાદા દરમ્યાન અંદાજપત્રના નાણા ભરપાઈ કરવામાં આવેલ નથી તેમજ કંપનીના નિયમ મુજબ અંદાજપત્રના નાણાં ભરપાઈ કરવા માટેની મુદત વધારો કરવા માટેની કોઈ લેખિત અરજી સમયમર્યાદામાં કરેલ નથી. ત્યારબાદ અરજદાર દવારા એક વર્ષ જેટલા લાંબા સમય બાદ તા.૨૦/૦૮/૧૮ ના રોજ તેઓને અપાયેલ અંદાજપત્રમાં સમયમર્યાદા વધારવા તેમજ નામફેર કરવા માટેની લેખિત અરજી આપેલ છે, જેથી સદર વીજજોડાણ આપવા માટેની આગળની કાર્યવાહી થઈ શકેલ નથી, જે આપની નમ્ર જાણ સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર ભરતભાઈ દેવજીભાઈ હીરપરાની રજુઆત છે કે સનાળી ગામ, તા.કુંકાવાવમાં સર્વે નં.૧૭૦ પૈકી ૪ માં પુરીબેન રામભાઈ હીરપરાએ નવા ખેતીવાડી વીજજોડાણ માટે તા.૩૧/૦૧/૧૧ ના રોજ અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદી દવારા તા.૦૭/૦૪/૧૭ ના રોજ અરજદારના નામે અંદાજપત્ર આપવામાં આવેલ, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૦૮/૦૫/૧૭ હતી.

૩.૩ ખેતીવાડી જોડાણનાં અરજદાર પુરીબેનનું અવસાન તા.૧૯/૦૫/૧૫ ના રોજ થયેલ, તેથી વાદીએ તા.૦૮/૦૫/૧૭ ના રોજ પ્રતિવાદીની કુંકાવાવ કચેરીમાં અંદાજપત્રમાં નામ ફેરફાર કરવા માટે લેખિત અરજી આપેલ.

૩.૪ પ્રતિવાદીએ વાદીની તા.૦૮/૦૫/૧૮ ની અરજી મુજબ કોઈ આગળની કાર્યવાહી કરવાને બદલે વાદીને આપેલ અંદાજપત્રની સમયમર્યાદા તા.૨૨/૦૫/૧૭ સુધીની કરી આપેલ, જે દરમ્યાન વાદીની જમીનમાં તેના નામની એન્ટ્રી ન થવાથી વાદી ડોકયુમેન્ટ રજુ કરી શકેલ નહી અને તેમને આપવામાં આવેલ અંદાજપત્રની સમયમર્યાદા પુરી થયેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૫ પ્રતિવાદીએ વાદીની અરજી રદ થયેલ છે, તેવો કોઈ પત્ર કે નોટીસ આપેલ નથી.

૩.૬ તા.૦૮/૦૫/૧૭ ની વાદીની અરજીના અનુસંધાને પ્રતિવાદીએ, વાદીને નામ ટ્રાન્સફર માટે કરવી પડતી કાર્યવાહી અને રજુ કરવા પડતાં ડોકયુમેન્ટ માટે વાદીને કોઈ પત્ર લખેલ નથી.

૩.૭ તા.૦૩/૧૨/૧૮ ના રોજ સુનાવણી દરમ્યાન વાદીએ રજુઆત કરેલ છે કે તા.૧૯/૦૫/૧૫ ના રોજ પુરીબેનનું અવસાન થતાં તેમને કોઈ વારસદાર ન હોવાથી તેઓએ ભરતભાઈ દેવજીભાઈ તેમજ રમેશભાઈ દેવજીભાઈના નામે વીલ કરેલ. જે વીલ પરથી પ્રોબેટ મેળવવા માટે વાદીએ તા.૧૪/૦૬/૧૬ ના રોજ નામદાર કોર્ટમાં અરજી કરેલ. આ અરજીની સુનાવણી કર્યા બાદ નામદાર કોર્ટ તા.૧૪/૦૨/૧૮ ના રોજ પ્રોબેટ ઓફ વીલનો વાદીએ રેવન્યુ રેકર્ડમાં તેઓનું નામ એટલે કે ભરતભાઈ દેવજીભાઈ અને રમેશભાઈ દેવજીભાઈના નામે પુરીબેનની જમીન જેનો સનાળીનાં રેવન્યુ સર્વે નં.૧૭૦ પૈકી ૪ આવેલ છે, તેની ટ્રાન્સફર એન્ટ્રી કરાવેલ છે જેનો એન્ટ્રી નં.૨૪૮૫ છે, જે એન્ટ્રી તા.૧૦/૦૯/૧૮ ના રોજ સક્ષમ અધિકારીશ્રી દવારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

૩.૮ આમ, વાદીને વીલ ઉપરથી પ્રોબેટ મેળવવામાં સમય પસાર થવાથી તેઓ રેવન્યુ ડોકયુમેન્ટ આપી શકેલ નહી.

૩.૯ તારણ નં.૩.૬ અને ૩.૮ પરથી પ્રતિવાદીએ વાદી પાસે નામ ટ્રાન્સફર અંગેના જરૂરી અરજી નોંધણી કરાવી, જરૂરી આધારપુરાવા વાદી પાસેથી લઈ અને નવા નામે એટલે કે વાદીનાં નામે નવું અંદાજપત્ર આપવું. વાદીની અરજી નોંધણી કરાવ્યા બાદ દિવસ–૧૫ માં અંદાજપત્ર આપવું.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૯ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

તારીખ :– ૦૩.૧૨.૧૮